વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૨ : અંક - ૫-૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઇ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ ૬, ૨૨, ૨૦૨૪

# 'સેવા' અધિવેશન-૨૦૨૪




**નવું ચૂંટાયેલું 'સેવા' કારોબારી મંડળ**

'સેવા'નું વાર્ષિક અધિવેશન અમદાવાદના શાહપુર વિસ્તારના લાલાકાકા હોલ ખાતે ૧માર્ચ-૨૦૨૪ના રોજ યોજાયું. વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોલના સભાખંડમાં સમયસર ગોઠવાઇ ગયા હતા. અને, આ પ્રતિનિધિઓએ પોતાની કારોબારી ચૂંટી....



પ્રતિનિધિઓ રજીસ્ટ્રેશન કરી અધિવેશનમાં જવા માટે તૈયાર



પ્રાર્થનાથી શરૂઆત



પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં 'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબહેન



ટોપી વિનાની પ્રથમ 'સેવા'ના કારોબારી મંડળને નિહાળતા પ્રતિનિધિઓ



ચૂંટણી કમિટીના સભ્યોની રજૂઆત



અધિવેશનમાં પોતાના મુદ્દાની રજૂઆત કરતાં પ્રતિનિધિ



સહમતીથી જૂથમાં કારોબારીની ચૂંટણી



જૂના કારોબારી સભ્ય નવા કારોબારીને અભિનંદન પાઠવતા



'હમ સબ એક હૈ...'ના નારા બોલતા જૂની અને નવી કારોબારી સભ્યો એક સાથે



ચૂંટણી કમિટીના સભ્યોની રજૂઆત




માનદ્ સભ્યોની મીટિંગ

શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

# ગોલ્ડ લોન

તમારા સોનાના દાગીના પર ઝડપથી લોન મેળવો.

તમારા સોનાના દાગીના ઉપર તુરંત રૂપિયા મેળવો.

- તમારા સોનાના દાગીના સુરક્ષિત રહેશે.
- બેંકની નજીકની કોઇપણ શાખામાંથી બેંકના સમય દરમ્યાન તુરંત રૂપિયા મળી શકશે.



માત્ર ૧૫ મિનીટમાં

૬૦ મહિના સુધીની રી-પેમેન્ટની સુવિધા

મુખ્ય શાખા
૧૦૯, સાકાર-૨, પહેલો માળ,
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોનઃ ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨
ઇ-મેલ : mail@sewabank.com
વેબસાઇટ : www.sewabank.com

શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી થઇ. કાર્યક્રમના સંચાલક તરીકેની જવાબદારી સંભાળતાં સેવાના ઉપપ્રમુખ મનાલીબહેને અધિવેશનની રૂપરેખા આપી.

આજે લાલાકાકા હોલ શ્રમજીવીઓથી ઊભરાયો હતો. હજુ તો અગિયાર નહોતા વાગ્યાને જુદા-જુદા શહેર-ગામમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ હરખભેર હોલના પગથિયા ચઢતાં હતાં. હરખ તો હોય જ ને ! આ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સેવાનું કારોબારી મંડળ ચૂંટવાનું હતું....

'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબહેને સભામાં ઉપસ્થિત પ્રતિનિધિઓને આવકાર્યા અને તેમને અભિનંદન પાઠવતાં કહે, જુદા-જુદા ધંધાઓમાંથી ચૂંટાઇ આવેલા પ્રતિનિધિઓ આજે અહીં એકત્રિત થયા છે તેથી હું બહુ ગૌરવ અને આનંદની લાગણી અનુભવુ છું.

બીજા રાજ્યોમાં જ્યાં 'સેવા'ની નોંધણી નથી થઇ તે રાજ્યમાં સીધી સભ્ય સંખ્યાવાળા પ્રતિનિધિની ચૂંટણી થઇ અને અત્યાર સુધીમાં ચૂંટાયેલા કુલ ૮૫૪ પ્રતિનિધિઓ જે સીધી સભ્ય સંખ્યાના છે તે સહુ ચૂંટાઇને સેવા સંગઠનને આગળ લઇ જવા અહીં આવ્યા છે તે ખુશીની વાત છે.

ઈલાબહેનને યાદ કરતાં જ્યોતિબહેને જણાવ્યું કે, આજથી ૫૨ વર્ષ પહેલા ઈલાબહેને શ્રમજીવી બહેનોના સંગઠનની સ્થાપના કરી તેમને આપણા બધા વતી વંદન...

સેવાના ઈતિહાસને વાગોળતાં જ્યોતિબહેને કહ્યું કે, ૫૦ વર્ષ પહેલાં મજૂર મહાજન સંઘમાં 'સેવા'ની સ્થાપના થઇ હતી. 'મજૂર મહાજન' સંઘ ગાંધીજી અને અનસૂયાબહેન સાથે રહીને ઊભું કરેલું, જે અમદાવાદ શહેરના મિલ કામદારોનું સંગઠન (યુનિયન) હતુ. ઈલાબહેન મજૂર મહાજન સંઘ સાથે જોડાયેલા અને તેઓ વકીલ હતા. પ્રથમ માથોડા કામદાર બહેનોના સંગઠનથી ૧૯૭૨માં 'સેવા'ની શરૂઆત થઈ. 'સ્વાશ્રયી મહિલા સેવા સંઘ' (સેવા)ને આજે ૫૨ વર્ષ થઇ ગયા છે. ૧૮ રાજ્યો ગુજરાત, વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર, આસામ, મેઘાલય, જમ્મુ-કાશ્મીર, લદાખ, ઓરિસ્સા, ઝારખંડ, પંજાબ, બિહાર, દિલ્હી, રાજસ્થાન, કેરળ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને નાગાલેન્ડમાં 'સેવા' ફેલાયેલી છે, જેના કુલ ૨૯,૦૯,૧૮૦ સભ્યો છે.

૧૯૭૨માં અસંગઠિત શ્રમજીવીઓના સંગઠનની યુનિયન તરીકેની નોંધણી કરવામાં આવી. ત્યારે રજીસ્ટ્રેશન એટલું સહેલુ નહોતું રહ્યું ઈલાબહેન માટે. અસંગઠિત કામદારો અને તેમના ધંધામાં માલિકો વચ્ચે એવો કોઇ સંબંધ સ્થાપિત નહોતા કરી શકતા. જ્યારે યુનિયનની નોંધણી રજીસ્ટર્ડ કરવા ગયા ત્યાં તો સામે સવાલ આવ્યા કે, તમારા સભ્યોના બધા ધંધાઓના માલિકો અને કામદારોનો સંબંધ હોય તો યુનિયન બને. આ આટલા મોટા સંઘર્ષથી શરૂઆત થઇ પણ આ સંઘર્ષથી આપણા અસંઠિતક્ષેત્રના બહેનોનું યુનિયન બનીને રહ્યું અને આજે ૧૮ રાજ્યોમાં પહોંચીને આપણે આગળ જઇ રહ્યા છીએ. આ વર્ષોમાં આપણે શું મેળવ્યું અને આટલા સભ્યો શાના આધારે બન્યા ? 'સેવા'ના મૂલ્યાએ જ ૫૨ વર્ષની આ સંગઠિતક્ષેત્રની યાત્રાને આજે એક સ્તરે લાવીને ઊભી કરી છે. બીજુ જે મહત્વનું હતુ એ કે, સૌ બહેનોની સામુહિક શક્તિબળ. આ બે મુદ્દા સેવાના સંગઠનના મૂળમાં રહેલાં છે. અને હવે પછી જે ચૂંટાયેલા બહેનોની જવાબદારીથી આગળના વર્ષો જોઇ રહ્યાં છે ત્યારે પણ આ મુદ્દાઓ આપણા માટે બહુ જ અગત્યના હશે. આ જ આપણી મૂડી છે અને આ આપણે લઇને આગળના વર્ષોમાં જોડે ચાલવાનું છે.

આપણે કીધું કે, સ્વરાજ અધુરું છે અને એ આપણે મેળવવાનું છે. આ અધૂરું સ્વરાજ તે છે આર્થિક આઝાદી એ માટેની લડત હજુ ચાલુ રાખવાના છીએ. આપણા ધ્યેય છે, 'પૂર્ણ રોજગાર' અને 'સ્વાવલંબન'. આજે પણ એટલાં જ જરૂરી આપણા સંગઠન માટે છે. આપણે આ મૂલ્યોની જ દિશા પકડી આગળ વધી રહ્યા છીએ. એમાં પણ, સ્વાવલંબનની વાત કરીએ છીએ ત્યારે બહું ચોખ્ખું સમજી ગયા છીએ કે, જ્યાં સુધી આપણે કામદારબેનો આપણા જ ધંધાઓ અને આપણાં જ સંગઠનોના માલિક અને મેનેજર નહીં હોઇએ ત્યાં સુધી સ્વાવલંબનનો અનુભવ નહીં કરી શકીએ. આ સૌથી મહત્વની વાત છે જે હવે પછીના વર્ષોમાં પણ આગળ યાદ રાખવાની રહેશે.

'સેવા'નો એ સંઘર્ષ રહ્યો છે કે, આપણે શ્રમજીવી હતા પણ આપણી કામદાર શ્રમજીવી તરીકેની ઓળખ નહોતી એ વર્ષોની વાત મને યાદ છે કે, આપણે બોલતા કે, ''હું જ્યોતિ છું, હું કામદાર છું અને મારા શ્રમથી મારું ઘર, મારો સમાજ અને મારો દેશ ચાલે છે.'' અને તે જ સાચી ઓળખ છે. આજે હું તમને ૫૦ વર્ષ કહું છું કે, આ એ સંગઠન છે જેમાં, આપણે બધા સભ્યો એવું કહીએ છીએ કે, ''હું 'સેવા' છું, અમે બધા 'સેવા' છીએ અને આ 'સેવા' ભેગી મળીને આવતા ૧૦૦ વર્ષની ઉજવણી કરશે. પોતાની વાત પુરી કરતા તેમણે ૧૦૦ લાખ હોકે રહેંગે'' એવી ખાસ શુભેચ્છા પાઠવી.

જ્યોતિબહેનની વાત સાથે સહમતી આપતા મનાલીબહેને કહ્યુ કે, ''આપણું સેવા સંગઠન ૫૦ વર્ષે પહોંચ્યું, આપણે આપણા મૂલ્યોને સાથે રાખ્યા તેથી આ મજલે પહોંચ્યા છીએ. આવનારા ૫૦ વર્ષો સુધી પણ આપણે આપણા મૂલ્યોને જાળવીને આપણું કામ કરીએ અને હજુ વધારે આપણું સંગઠન આગળ વધે એવી ભગવાનને અલ્લાહને પ્રાર્થના.

બીજું તેમણે કીધું એ કે, ''આપણા બે ધ્યેય છે એને ધ્યાનમાં રાખીને કામ કરવાની જરૂર છે. અને એકતા રાખવાની જરૂર છે.

એકતાથી જ આપણે આટલા વર્ષો સુધી પહોંચી શકયા છીએ અને આ એકતા જ આપણને ૧૦૦ લાખે પહોંચાડશે અને ૧૦૦ સાલ સુધી પહોંચાડશે.'' આપણે સૌએ આ યાદ રાખી સંગઠનમાં કામ કરવાની જરૂર છે.

મનાલીબહેને ચૂંટણીની રીત તથા નિયમો સમજાવ્યા. જેમાં, 'સેવા'માં ધંધાવાર ચૂંટણી થાય. દર ૧૫૦૦ સભ્યોએ એક પ્રતિનિધિ ચૂંટાઇ આવે. પ્રતિનિધિઓની ચૂંટણીની વાત કરું તો;

પ્રતિનિધિઓને ચૂંટવાનો અનુભવ અનેરો રહ્યો. શિસ્તબદ્ધ, ઉત્સાહથી, સર્વસંમતિથી મોટાભાગની ધંધાસમિતિએ પ્રતિનિધિઓને ચૂંટયા. યુવાપેઢી પણ આપણે આજે અહીં જોઇ શકીએ છીએ. એ કોઈપણ સંગઠનની સારી નિશાની છે. ખૂબ ધીરજથી આ આખી પ્રક્રિયા થઇ. કચ્છમાં જયારે પ્રતિનિધિઓની ચૂંટણી દરમ્યાન ચૂંટણી કમિટીના સભ્યોને કચ્છમાં કારોબારી સભ્યએ એમ કહ્યું કે, તમે ચૂંટણી કરવા આવ્યા તે સારું કર્યું, પણ ના આવ્યા હોત તો પણ અમે સર્વાનુમતે પ્રતિનિધિને ચૂંટીને નામ મોકલી આપત. આ જ આપણા આગેવાનોની મેચ્યોરીટી બતાવે છે. આ પ્રક્રિયામાં સંગઠન ઉપર આગેવાનોનો વિશ્વાસ, બહેનોની નિર્ણયશક્તિ જોઇને બીજા ૫૦ વર્ષ આગળ લઇ જવાની શક્તિ ઉભરાતી હતી.

અધિવેશનમાં 'સેવા' પ્રતિનિધિઓ પોતાના કામ અને વિસ્તારના સર્વોત્તમ બહેનને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢયા છે અને તેનો આનંદ સૌ બહેનોના ચહેરા પર વર્તાતો હતો. અને આ આનંદ કેમ ના હોય? લોકશાહી ઢબે અને પારદર્શી રીતે ચાલતી આ પ્રક્રિયામાં સાચા પ્રતિનિધિ બહેન લાવવા તે આગેવાનો સારી રીતે સમજે છે અને પોતાના નામ, ગામ અને કામનું મહત્વ હવે બહેનો સમજવા માંડયા છે. યોગ્ય પ્રતિનિધિ ચૂંટાય તો પોતાનું કામ દશ્યમાન થાય, કામમાં આવતાં સંઘર્ષોની વાત સેવા સુધી પહોંચે અને નિરાકરણ આવે. હવે, આ પ્રતિનિધિઓએ પોતાના કારોબારીને ચૂંટવાના હતા આજે...

આ વર્ષે પણ ધંધાવાર પ્રમાણે કારોબારીની ચૂંટણી માટે જૂથમાં વહેંચણી કરવામાં આવી. ૧૪ જૂથો થયાં હોલમાં, અગાસીમાં, નીચેના હોલમાં, ગેલેરીમાં કે રૂમમાં જયાં જુઓ ત્યાં બહેનો પોતાના ધંધા અને વિસ્તારના કારોબારીના સભ્યને ચૂંટી કાઢવા પોતાના જૂથોમાં બેઠાં હતા અને પોતાના કારોબારી માટેના નામની ઘોષણા તાળીઓનો ગડગડાટ અને ''હમ સબ એક હૈ...'' ના સૂત્રોચ્ચાર કરતાં હતા. તાળીઓનો ગડગડાટ અટકતો ન હતો. અને નવી કારોબારી મંડળ 'સેવા'નું ચૂંટાયું જેમાં, કોઇ ધંધામાં તો જૂની અને નવી પેઢીની જોડી પણ ચૂંટાઇ આવી. 'સેવા' સંગઠનની આ ચૂંટણી શ્રમજીવી પ્રતિનિધિ બહેનોની પોતાની આગવી ઢબથી પોતાના કારોબારીને ચૂંટવાની આ આખીય પ્રક્રિયા લોકશાહી અને પારદર્શિતાથી થઇ.

પ્રતિનિધિ બહેનોએ પોતાના જૂથમાં એમની કારોબારી કેવી હોવી જોઇએ ? તેમાંથી જે મહત્વના મુદ્દાઓ બહાર આવ્યા તે... આ અમારાં જ એક પ્રતિનિધિમાંના છે, એ પણ અમારા જેવું જ કામ કરે છે. અમારાં જિલ્લામાં કે શહેરની ચાલીમાં રહે છે. આગેવાનોને સંગઠન પર પુરો વિશ્વાસ છે, અમારા પ્રશ્નોને આગળ લઇ જઇ તેનું નિરાકરણ લાવશે. અમારી વાત આગળ લઇ જશે. જવાબદારીથી અને કોઇ સ્વાર્થ વિના કામ કરશે, અમને બધી જ માહિતી આપશે. અમને સરકારી યોજનાઓની પણ સમજ આપશે. અને તેની સાથે જોડશે. અમારી રોજગારી સ્થાયી થાય તેના માટે કામ કરશે, જાતિ કે ધર્મના ભેદમાં નથી માનતા, અમે તો દરેક પેઢીને તક આપવામાં માનીએ છીએ, નવા જુવાન બહેનો પણ જૂની પેઢીના કારોબારી પાસેથી શીખીને અમારું કામ કરશે.



**હાથ ઊંચો કરી ચૂંટેલી કારોબારી મંડળના નિયમોને સહમતી આપતા સહુ પ્રતિનિધિઓ**

જૂની કારોબારીના કામ પણ એટલાં જ મહત્વના રહ્યા. બધાંએ સાથે મળીને ખૂબ જ મહેનતથી કામ કર્યુ. દર મહિને થતી કારોબારીની મીટિંગમાં દરેક કારોબારી સભ્ય અચૂક હાજર હોય. સભ્ય બહેનોના સંઘર્ષ હોય કે ક્યાં ક સમાધાનો મળ્યા હોય, કોઇને એવોર્ડ મળ્યો હોય તો એની ખુશીની પણ દર મહિને પ્રતિનિધિ કારોબારીમાં વાત કરે. આ વખતની આખી ય ચૂંટણીની જવાબદારી પણ જૂના કારોબારીના સભ્યોએ જ કરી હતી. આવામાં જૂની કારોબારીની કામગીરી કેવી રીતે વિસરાય...?

ત્યારબાદ, એક નામ બોલતાની સાથે ચૂંટાયેલા કારોબારી સભ્યો ઊભા થઇને સ્ટેજ પર આવ્યા. ચૂંટણી પ્રક્રિયા પુરી થઇ.



**તાળીઓના ગડગડાટથી વધાવતા 'સેવા'ના પ્રતિનિધિઓ નવા ચૂંટાયેલા પ્રમુખ રમીલાબહેને**

કારોબારીની સમજ આપતા રેનાનાબહેને જણાવ્યું કે, જે કારોબારી ચૂંટયા અને તેમાંથી જ આપણે હોદ્દેદારો બનાવવા જોઇએ,જેમાં એક પ્રમુખ, ત્રણ ઉપપ્રમુખ, એક પ્રધાનમંત્રી, બે મંત્રી અને એક ખજાનચી. કારોબારી મંડળમાંથી હોદ્દેદારો ચૂંટાયા.




**'સેવા' સંકલ્પ લેતું નવું કારોબારી મંડળ**

## વર્ષ ૨૦૨૪-૨૦૨૬ની 'સેવા' કારોબારી મંડળ

**સ્થાપક : ઈલા ર. ભટ્ટ**

૧. રમીલાબેન રોહિત - પ્રમુખ - ખેતીકામ- જિલ્લો ખેડા -આણંદ
૨. રેશ્માબેન શેખ - ઉપપ્રમુખ - સિલાઈકામ- અમદાવાદ શહેર
૩. હીનાબેન દવે - ઉપપ્રમુખ - ખેતી નિષ્ણાંત - જિ. સુરેન્દ્રનગર
૪. વનીતાબેન પરમાર - ઉપપ્રમુખ - બાંધકામ કામદાર - અમદાવાદ શહેર
૫. જ્યોતિબેન શશીકાંતભાઈ મેકવાન - પ્રધાનમંત્રી - ખેતીકામ - જિ. ખેડા - આણંદ
૬. મનાલીબેન શાહ - મંત્રી - કાયદા નિષ્ણાંત - અમદાવાદ શહેર
૭. અનિશાબેન બાગબાન - મંત્રી - સિલાઈકામ - અમદાવાદ શહેર
૮. હીનાબેન ભટ્ટ - ખજાનચી - અમદાવાદ શહેર
૯. પીનાકીનીબેન અનિલભાઈ સોલંકી - કારોબારી સભ્ય - વેસ્ટ રિસાયકલર્સ - અમદાવાદ શહેર
૧૦. પાર્વતીબેન આલજીભાઈ મકવાણા - કારોબારી સભ્ય - બાંધકામ - અમદાવાદ શહેર
૧૧. અનિશાબેન શેખ - કારોબારી સભ્ય - ધાગા કટિંગ - અમદાવાદ શહેર
૧૨. જિજ્ઞાસાબેન મનોજભાઈ પરમાર - કારોબારી સભ્ય - વેચનાર - અમદાવાદ શહેર
૧૩. જ્યોત્સનાબેન કનુભાઈ સોલંકી - કારોબારી સભ્ય - પશુપાલન - જિ. અમદાવાદ
૧૪. સખીબેન ખેંગાભાઈ આહીર - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. પાટણ -બનાસકાંઠા
૧૫. ચંદ્રીકાબેન સુનીલભાઈ રાઠોડ - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. ખેડા - આણંદ
૧૬. મુબારકબેન નવરંગમિયા સિપાઈ - કારોબારી સભ્ય - પશુપાલન - જિ. અરવલ્લી
૧૭. ભાવનાબેન ધર્માજી રાઠોડ - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. અરવલ્લી
૧૮. લલીતાબેન દિનેશભાઈ મકવાણા - કારોબારી સભ્ય - ખેતમજૂર - જિ. મહેસાણા
૧૯. સરોજબેન મગનભાઈ વણકર કારોબારી સભ્ય - ખેતમજૂર - જિ. ગાંધીનગર
૨૦. ભાવનાબેન પ્રવિણસિંગ પરમાર - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. છોટા ઉદેપુર
૨૧. ભારતીબેન ભરતભાઈ ડોડીયા - કારોબારી સભ્ય - ખેતમજૂર - જિ. સુરેન્દ્રનગર
૨૨. મીનાબેન ધાંગજીભાઈ ખોખર - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. કચ્છ
૨૩. મેનાબેન નવઘણભાઈ ધોરીયા - કારોબારી સભ્ય - ખેતીકામ - જિ. મોરબી
૨૪. સુનીતાબને શાંતિલાલ ચાનવાત - કારોબારી સભ્ય - ખેતીકામ - ઔરંગાબાદ
૨૫. સુખેડા ખાતુંન - કારોબારી સભ્ય - બીડી કામદાર - વેસ્ટ બંગાળ

જૂની કારોબારી તેમજ ચૂંટાયેલી નવી કારોબારીને જ્યોતિબહેન અને મનાલીબહેને હરખભેર સ્ટેજ પર આમંત્ર્યા અને સૌને આપણા ખેડાની વણકરબેનાએ વણેલી ખાદીની સાડી આપી સન્માનિત કર્યા.

ચૂંટાયેલ નવા કારોબારી મંડળે 'સેવા' સંકલ્પ લીધો.

અંતમાં ''અમે પાર કરીશું...'' ગીત ગાયું અને ''હમ સબ એક હૈ...'', ''૧૦૦ સાલ સાથ રહેંગે'', ઔર ''૧૦૦ લાખ હોકે રહેંગે...''ના નારા બોલાવતા અધિવેશન સમાપ્ત થયું.

**- ગોમતી**

❑

**સેવા પંજાબનો પત્ર**

## પંજાબનાં ઘરખાતા કામદારોની પરિસ્થિતિ :

ઘરખાતા કામદાર સમાજનો એક એવો વર્ગ છે જે ઘરે કામ કરીને ગુજરાન ચલાવે છે. તેમનું ઘર જ તેમની કામની જગ્યા છે. દિવસ દરમિયાન જેટલાં નંગ બનાવે તેના બદલામાં જે મળે તે જ તેમની મજૂરી છે.

વર્ષ ૨૦૧૬થી સેવા પંજાબ લગભગ ૬ જિલ્લા અને ૩ બ્લોકમાં કામ કરે છે. જેમાં મોહાલી, ગુરદાસપુર, ફિરોજપુર, નાભા, પટિયાલા, સનૌર, મોગા અને મલેરકોટલા વગેરેમાં કામ કરે છે. આ ક્ષેત્રોમાં સેવા અલગ અલગ ધંધાની બહેનો સાથે કામ કરે છે. જેમ કે, ઘરખાતા કામદાર, વેચનાર, ખેતી અને પશુપાલન કરતી બહેનો.

પંજાબમાં સેવા અલગ અલગ ઘરખાતા કામદાર જેવા કે, માટીના વાસણો બનાવનાર, નાડાછળી લપેટવાનું કામ, રૂની પૂણી બનાવનાર, ચંપલો પર મોતી લગાવનાર, ફૂલોનો હાર બનાવનાર, કલેરી બનાવનાર, સમોસા બનાવનાર, ટીફીનનું કામ કરનાર, શાકભાજી વેચનાર, વણાટ કામ કરનાર, ભરત કામ, સિલાઈ કામ વગેરે જેવાં છે. ઘણાં બહેનો પોતાની જાતે વચેટીયા પાસે જાય છે અને ઘરે કામ લાવે છે.

આ કામદારો જે માલિક કે ઠેકેદાર મારફતે કામ કરે છે. જેમાં તેમને ઘણાં પ્રકારની તકલીફોનો સામનો કરવો પડે છે. આખા દિવસના કામના બદલામાં અમુક કામ બરાબર નથી થયું તેમ કહીને તેમની મજૂરી કાપી દેવામાં આવે છે. સમયસર પૂરા પૈસા પણ મળતાં નથી.

કલીરે (દુલ્હનના હાથે બાંધવામાં આવતું લટકણ) બનાવવાનું કામ કરતાં ૩૫ વર્ષીય મનદીપબહેન પંજાબના મોગાની જિલ્લાના બહાદુરસિંહની ચાલીમાં રહે છે. તેમણે કહ્યું કે, હું છેલ્લા ૮ વર્ષથી આ કામ કરૂ છું. આ કામમાં મહેનત બહુ લાગે, સામે મજૂરી સાવ ઓછી. એક ડઝન કલીરા બનાવું ત્યારે ૧૫૦/- રૂ. મળે. એક ડઝન કલીરા બનાવતા મને ત્રણ થી ચાર દિવસ લાગે છે. મારાં બાળકો પણ આ કામમાં મદદ કરે છે. આખો મહિનો સળંગ કામ કરૂ ત્યારે મને ૧૨૦૦/-રૂ. મળે. એકધારૂ આ કામ કરવાને કારણે હવે તો મને આંખે ઓછું દેખાય છે. ઘરનું ગુજરાન ચલાવવા માટે મેં બે – ત્રણ ઘરનાં કામ શરૂ કરી દીધાં છે.

રવિંદરબહેન નાડાછડી લપેટવાનું કામ કરે છે. તે મોગા બુકન રોડ પર રહે છે. તે પણ ઘરખાતા કામદાર છે. તેમને ૧ કિલો નાડાછડીના ૧૦/-રૂ. મળે છે. એક દિવસમાં તે ૨૦ કિલો સુધીની નાડાછડી લપેટીને ૨૦૦/-રૂ. સુધી કમાઈ લે છે. મહિનામાં અંદાજે ૪૦૦૦/- થી ૫૦૦૦/- રૂપિયા આવક રળી લે છે. તેમણે કહ્યું કે, તેમના વિસ્તારની લગભગ ૩૦થી૩૫ બહેનો નાડાછડી લપેટવાનું કામ કરે છે. નાડાછડી લપેટતા સમયે દોરા ઉડવાને કારણે શ્વાસ લેવામાં બહુ તકલીફ પડે છે. પહેલાં એક કિલો નાડાછડી લપેટવાના માલિક ૮/- રૂ. આપતાં હતા. પૈસા ઓછા અને મહેનત વધારે હોવાને કારણે બહેનોએ એક-બે વાર માલિકને પૈસા વધારવાની વાત કરી પણ કંઈ થયું નહિ.

રવિંદરબહેન સેવાની આગેવાન છે. તેમણે ૨૦૨૨માં પોતાના વિસ્તારની તમામ બહેનો સાથે એક ટ્રેડ મીટિંગ કરી, જેમાં ઓછી મજૂરી બાબતે ચર્ચા કરી. ચર્ચા બાદ બધાં એકમત થઈને નિર્ણય કર્યો કે, હવે તે નાડાછડી લપેટવાનું કામ નહિ કરે. ત્યાર બાદ બધાં બહેનોએ કામ બંધ કરી દીધું. ઠેકેદારને પણ કહી દીધું કે મજૂરી વધારવામાં નહિ આવે તો તેમના વિસ્તારની કોઈ બહેન આ કામ નહિ કરે. આવી રીતે તમામ બહેનોએ સંગઠિત થઈને ઓછી મજૂરી સામે અવાજ ઉઠાવ્યો. આની સીધી અસર માલિક પર પડી, પરિણામે એક કિલો નાડાછડી લપેટવાની મજૂરી ૧૦/-રૂ. થઈ.

માટીના વાસણ બનાવનાર ગીતાબહેન પંજાબના મોગા જિલ્લાના લાલ સિંહ રોડ વિસ્તારમાં રહે છે. વાત વાતમાં જાણવા મળ્યું કે, છેલ્લા કેટલાંક વર્ષોથી વાતાવરણમાં અચાનક આવતા બદલાવને કારણે તેમના કામ પર બહુ ગંભીર અસર થઈ છે. જેની સીધી અસર તેમના કામ પર પડે છે. જેમ કે, વધારે ગરમી પડે તો માટી જલ્દી સુકાઈ જાય એટલે કામ કરવામાં તકલીફ પડે છે. અચાનક કમોસમી વરસાદને કારણે વાસણ બનાવવામાં, સુકવવામાં અને તેને ભટ્ઠીમાં શેકવામાં તકલીફ આવે છે. ભટ્ટીમાં વાસણ મૂક્યું હોય અને અચાનક વરસાદ આવી જાય તો તે વાસણો નકામા. નાનાં ઘર હોવાને કારણે ભીના અને સૂકા માલને અલગ અલગ રાખવામાં તકલીફ પડે છે. તેથી અમે વધારે સામાન બનાવી શકતા નથી.

ઉપરાંત, ઠેકેદાર માલ લેવા વિસ્તારમાં આવે તો બહેનો પૈસા વધારવાની વાત કરે તો કે તેમની પાસેથી માલ લેવાની બદલે જે બહેનો ઓછા પૈસામાં સામાન આપે તેમની પાસેથી લઈ લે. મજબૂરી અને લાચારીના કારણે ઘણી વાર બહેનો પોતાનો માલ ઓછા પૈસામાં વેચે છે. આ બહેનો પાસે પોતાનો તૈયાર સામાન વેચવા માટે કોઈ નકકી જગ્યા નથી. માટીકામ સિવાય તેમની પાસે રોજગારનો કોઈ અન્ય વિકલ્પ નથી.

સેવા પંજાબ આ શ્રમજીવી બહેનોની સમસ્યાઓના સમાધાન માટે અને તેમની મદદ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. સેવા

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6, 22-3-24

૨૦૨૨માં બુકન વાલા વિસ્તારમાં રહેતાં બહેનો માટે આરોગ્ય ચેક અપ કેમ્પ કર્યો. જેમાં બહેનોને નિઃશુલ્ક દવાની સાથે ચશ્મા આપવામાં આવ્યાં છે. ઘરખાતા કામદાર બહેનો તરફથી હંમેશા એવી માંગ આવે છે કે, અમે જે કામ કરીએ છીએ તેમાં મહેનત વધારે સામે મજૂરી ઓછી મળે છે. તમે અમને એવું કામ અપાવો જેમાં મહેનતના પ્રમાણમાં મજૂરી મળી રહે.

બહેનોની આ માંગને ધ્યાનમાં રાખીને સેવાએ દુન્ન્કે વિસ્તારમાં RSETI (ગ્રામીણ સ્વરોજગાર પ્રશિક્ષણ સંસ્થાન, મોગા)ની તરફથી બહેનોને શણમાંથી બેગ બનાવવાની તાલીમ આપવામાં આવી. આ તાલીમ ૧ મે ૨૦૨૩થી ૧૫ મે ૨૦૨૩ સુધી ચાલી. આ તાલીમમાં ૧૮ વર્ષથી માંડીને ૪૫ વર્ષની લગભગ ૩૫ બહેનોએ ભાગ લીધો. તાલીમ બાદ બહેનોને સર્ટીફિકેટ પણ આપવામાં આવ્યું. થોડા સમય બાદ જે બહેનો કામ કરવા માંગતી હતી તેમને સેવા તરફથી આ બેગ બનાવવાનું કામ આપવામાં આવ્યું. બહેનોએ ખૂબ સરસ બેગો બનાવી અને તેમને યોગ્ય મજૂરી પણ મળી.

આ સિવાય, આપણી સભ્ય બહેનોને સરકારની વિશ્વકર્મા યોજનાનો લાભ અપાવવા માટે સેવાએ નવેમ્બર ૨૦૨૨થી સેવા શક્તિ કેન્દ્રોના માધ્યમથી નિઃશુલ્ક ફોર્મ ભરવાનું શરૂ કર્યું છે. જેનો બહેનો લાભ લઈ રહી છે.

**- કુલવિંદર કૌર**

❑

## અનસૂયા

- ૪૨માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6, 22-3-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]